


"અરે ભાઈ આ ભાદરવો મહિનો ચાલે છે કે શ્રાવણ..?!"

"કેમ... આવું પુછો છો..!?!"

"સાહેબ... આ ભર ભાદરવે યાત્રાઓ પહેલી વખત જોઈ હો..!! અત્યારે તો શ્રાધ્ધ ચાલે છે તોય યાત્રાઓ..?!"

"કઈ યાત્રાઓની વાત કરો છો... ભાઈ..?!"

"સંકલ્પ યાત્રા... વિકલ્પ યાત્રા... જનાદેશ યાત્રા... જન અધિકાર યાત્રા... નર્મદા રથ યાત્રા... અને હવે વિચારધારા યાત્રા નીકળવાની...!!"

".... પણ આ યાત્રાઓ તમે માનો છો એવી નથી... બાધા લીધી હોય એવી યાત્રા નથી... બાધા આપવાની યાત્રા છે..!! ભાવ વગરની યાત્રા છે..!"

"એટલે..?! સમજાયું નહિ..!"

"આ રાજકીય ઈરાદાઓવાળી યાત્રાઓ છે..! આને ને ભાવ ભક્તિને કોઈ લેવા-દેવા નથી..! ભલે અંબાજી કે સોમનાથ જતી હોય... ધાર્મિકસ્થળની આડશમાં થતા રાજકીય તમાશાઓનો ભાગ છે..!!"

"તો સાહેબ... યાત્રા કેમ બોલાય છે..?! સરઘસ બોલે - પ્રવાસ બોલે... યાત્રાને શું કામ અભડાવે છે..!?!"

"આજ કમાલ છે ને..!?! બતાવવાના જુદા અને ચાવવાના જુદા..!! યાત્રા-યાત્રા કરીને થોડી ભાવનાઓ બહેકાવાય..! ઉશ્કેરાટ ફેલાવવાનો..! અને મત માંગવાના..!!"

"ઓ... બાપરે... આ તો તરકટ કહેવાય તરકટ..!! બધા પક્ષો-બજા જુથો - બધા સમાજો આ જ નાટક કરે છે..!! ચૂંટણી આવે ને સાયકલયાત્રા-મોટરયાત્રા-પદયાત્રા મીડીયામાં છવાતા જ જાય..!!"

"પણ હજુ ખબર નથી પડતી આનો અર્થ કંઈ નીકળે છે ખરો..?! રાજકીય પક્ષોને ફાયદો થાય છે ખરો કાંઈ..?! પાંચ-દસ ટકા મત ફેરવી શકાય છે ખરા..?! કે પછી ખાલી ધમપછાડા જ..!?!"

"હા... ધમપછાડા જ ! પ્રજાને ક્યાં ટાઈમ છે યાત્રાઓના દર્શન કરવાના... આ તો યાત્રા નીકળે એટલે ફોટા પડે... રાત્રે સભા ભરાય અને ભાષણબાજી થાય એટલે સમાચારો છપાય... થોડી આડી અવળી ઉંધી-ચત્તી વાતો કરી પ્રજાને કન્ફ્યુસ કરવાની... થોડી તાલીઓ પડાવવાની અને જયજયકાર કરીને પાછા આગળ વધવાનું..!!"

"સોલિડ ચાલે છે નહિં..?! નાટકમાં ય નાટક ને એમાંય નાટક... 'ટાળો ટાળો તોય ગોટાળો'... પ્રચારની એક તરકીબ છે..! માહોલ બનાવવાનો... સાચો-ખોટો પ્રયાસ છે..!"

"આ બધા તો નકલ કરે છે... સાહેબ... નકલ.... બાપુની દાંડીયાત્રા - વિનોબાની ભુદાન યાત્રા કેવા પવિત્ર સાધ્ય સાથે યાત્રા ચાલતી હતી..! અને આજે..."

"હા... આજે સાધ્ય પણ શુદ્ધ નથી... અને સાધન પણ શુદ્ધ નથી..!! અને એટલે યાત્રાઓ ફ્લોપ શૉ જેવી હોય છે..! પાંચ પચીસ મળતીયાઓના જય જયકાર સાથે ચાલતી યાત્રાઓ શું ઉકાળવાની હતી..?!"

'એ તો ઉકાળે કે ના ઉકાળે..! આપણા લોહી ઉકાળા છે..! જે

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં સાંજે ગાજવીજ સાથે વરસાદ

**બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ : ગગનભેદી વિજકડાકા સાથે ભારે વરસાદથી ઠેર ઠેર પાણી ભરાયા : શહેરમાં તપતા ભાદરવે અષાઢી માહોલથી જનજીવન પ્રભાવિત : સાંજે ગાજવીજ સાથે વરસાદથી સેકટરોમાં પાણી પાણી :નવરાત મહોત્સવના આયોજકો તેમજ ગરબા પ્રેમીઓમાં પણ ચિંતાના વાદળો**





ગાંધીનગર તા ૧૫

શહેરમાં આજે દિવસ દરમિયાન આકરા તાપ અને અસહ્ય ઉકળાટના અંતે સાંજના સમયે અચાનક જ વાતાવરણ પલ્ટા સાથે વરસાદ ખાબક્યો હતો. ગાજવીજ સાથે શહેરમાં બે કલાકમાં દોઢ ઈંચ વરસાદ વરસતા ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરના સેકટરોની શેરીઓમાં વરસાદી પાણી ઉભરાયા હતા. ગગનભેદી વિજકડાકા સાથે વરસાદનુ જોર વધુ હોવાથી પીક અવર્સ દરમિયાન કર્મચારીઓ પણ માર્ગમાં અટવાયા હતા. સાંજના સમયે ભારે વરસાદી ઝાપટાના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે દિવસના અસહ્ય ઉકળાટ બાદ વરસાદના આગમનથી વાતાવરણમાં ઠડક પ્રવર્તી હતી. નવરાતના ગણતરીના દિવસો પુર્વે શહેરમાં ભાદરવે અષાઢી માહોલ છવાતા ગરબા મહોત્સવના આયોજકો પણ ચિંતામાં મુકાયા છે.

આકાશમાંથી વરસાદી વાદળો હટવાનુ નામ લેતા નથી. ત્યારે દર ત્રણ ચાર દિવસે વરસાદ ડોકીયા કરી જાય છે. ભાદરવે આકરી ગરમીના માહોલ વચ્ચે નગરજનો પણ બફારાથી બેબાકળા બન્યા છે. આકરા તાપની સાથે ઉકળાટ અનુભવતા નગરજનો આજે ગરમીથી તોબા પોકારી ગયા હતા. ત્યારે દિવસના અંતે સાંજના સમયે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટા સાથે વરસાદી વાયરો ફુંકાવાનુ શરૂ થયુ હતુ. પલવારમાં જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. ગાજવીજ સાથે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. અસહ્યા ગગનભેદી વિજ કડાકા વચ્ચે વરસાદનુ જોર પણ વધારે હોવાથી પલવારમાં જ ચોમેર વરસાદી પાણી ઉભરાયા હતા. સમગ્ર શહેરમાં વરસાદના લીધે સેકટરોની શેરીઓમાં પાણી ભરાઈ ગયા હતા. આકાશમાં વિજચમકારા સાથે ભારે વરસાદ વરસતા ક્ષણવારમાં જ મોસમનો નઝારો બદલાઈ ગયો હતો. તપતા ભાદરવે અષાઢી માહોલ છવાઈ ગયો હતો. એકબાજુ નવરાત મહોત્સવની તૈયારીમાં મેદાન સફાઈ સહીતના કામોમં પણ રૂકાવટ આવી હતી . જયારે વરસાદના આગમનની

● અનુસંધાન પાન-૭ પર

# કલોલમાં ૪ કલાકમાં ૩ ઈંચ વરસાદ

**જિલ્લામાં હળવાથી ભારે વરસાદ નોંધાયો : ખેડૂતોમાં વરસાદથી ખુશીનો માહોલ જોવા મળ્યો**

ગાંધીનગર, તા. ૧૫

જિલ્લાના ચારેય તાલુકામાં આજે સાંજે ૪ કલાકમાં હળવાથી ભારે વરસાદ નોંધાયો હતો.

કલોલ તાલુકામાં ૪ થી ૮ના ૪ કલાકમાં ત્રણ ઈંચ વરસાદ પડ્યો હતો તો ગાંધીનગર તાલુકામાં પોણો ઈંચ જેટલો વરસાદ અને દહેગામમાં અડધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. માણસામાં છુટા છવાયા ઝાપટા નોંધાયા છે.

ચાલુ સિઝનમાં આ વખતે સૌથી વધુ વરસાદ કલોલમાં નોંધાયો છે. આજે કલોલમાં વધુ ત્રણ ઈંચ વરસાદ નોંધાતાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. છેલ્લા ત્રણ-ચાર દિવસથી ગરમીના પ્રકોપ પછી આજે પડેલા આ વરસાદનો પગલે વાતાવરણમાં પલ્ટો આવ્યો છે. વરસાદને કારણે ખેતીને પણ ફાયદો થયો છે. ખરીફ સિઝનની વાવણી પણ તેના અંતિમ તબક્કામાં છે.

આજે થયેલા વરસાદને પગલે ઘણા બધા વિસ્તારોમાં પાણી ભરાઈ જવાનું ધ્યાને આવ્યુ છે.

સાંજે ૬ થી ૮ દરમ્યાન ગાજવીજ સાથે થયેલા વરસાદને કારણે ગ્રામ્ય જનજીવન પર થોડીક વિપરીત અસરો જોવા મળી હતી. દૂધ ભરાવા જવાનો સમય હોવાથી થોડીક તકલીફો લોકોને પડી હતી.

## પાંચ સનદી અધિકારી બદલાયા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્ય સરકારે આજે પાંચ જેટલા સનદી અધિકારીઓની બદલીના હુકમો કર્યા છે. સરકારના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા આ હુકમો જારી કરવામાં આવ્યા છે. આજે કરાયેલ બદલીના હુકમોમાં જામનગરના કલેક્ટર માંકડીયાની બદલી આદિજાતિ કમિશનર તરીકે કરવામાં આવી છે, જ્યારે આદિજાતિ કમિશનર રવિશંકરને જામનગર કલેક્ટર તરીકે નિમણુંક આપવામાં આવી છે. આ ઉપરાંત લાંબી તાલિમમાં પરત ફરેલ સુ. શ્રી સંધ્યા ભુલ્લરને જી.આઈ.એસ.ના મેને. ડિરેક્ટર તરીકે સુ શ્રી એસ. છુકછાકને જેડાના એક્ઝીક્યુટીવ ડિરેક્ટર તરીકે અને જી.ટી. અખાણીને એક્ઝીક્યુટીવ ડિરેક્ટર ગુજરાત સ્ટેટ ટ્રાયબલ ડેવલપમેન્ટ નિવાસી શાખા સોસાયટીમાં નિમણુંક આપવામાં આવી છે.

# સે-૨૦ માં છ-કક્ષાના ૩૬ ભયજનક આવાસો તોડી નાંખવામાં આવશે

**જ કક્ષાના મકાનો તોડવા માટે પણ દરખાસ્ત કરાઇ : સે-૨૧ અને ૩૦ માં આવાસ મજબુતીકરણનુ કામ પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧૫

શહેરમા નિકાલ હેઠળના મકાનો તોડી નાંખવામાં આવ્યા બાદ હાલ ભયજનક મકાનો અંગે અભ્યાસ ચાલી રહયો છે. જયારે આ દરમિયાન જોખમી માલુમ પડતા મકાનો તોડી નાંખવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવે છે.અગાઉ પણ સેકટર-૭ અને સે-૧૩ માં જુદી જુદી કક્ષાના આવાસો તોડી નાંખવામાં આવ્યા હતા. જયારે સે-૨૦ માં પણ છ કક્ષાના ૩૬ મકાનોનો કડુસલો બોલાવાશે. આ મકાનો તોડી નાંખવા માટે વિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાઈ છે. જયારે હજુ પણ જ કક્ષાના આવાસો તોડી નાંખવા માટે દરખાસ્ત કરવામાં આવી છે.

શહેરમાં અગાઉ નિકાલ હેઠળના મકાનો તોડવામાં એક દાયકા જેટલો સમય વિતી ગયા બાદ હાલ સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં છે. ત્યારે તંત્ર દ્વારા તબક્કાવાર મકાનો તોડી નાંખવા માટે કામગીરી હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ સેકટરોમાં

● અનુસંધાન પાન-૭ પર

# સ્વચ્છતા પખવાડિયાનો ગાંધીનગરથી રાજ્યવ્યાપી પ્રારંભ

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ 'સ્વચ્છતા એ જ સેવા' અંતર્ગત સ્વચ્છતા પખવાડિયાનો રાજયવ્યાપી પ્રારંભ કરાવતાં આગામી ગાંધી જયંતિ, ૨ ઓકટોબર-૨૦૧૭ સુધીમાં ગુજરાતને ૧૦૦ ટકા ખૂલ્લામાં શૌચક્રિયા મુકત રાજ્ય બનાવવાની પ્રતિબદ્ધતા વ્યકત કરી છે. આ હેતુસર ત્રણ હજારથી વધુ વસ્તી ધરાવતા ૩૩૧૧ જેટલાં ગામોમાં ૨ જી ઓકટોબરથી ઘન કચરાના યોગ્ય નિકાલ, ભીના-સૂકા કચરાનું વર્ગીકરણ, રિસાયકલીંગ અને કમ્પોષ્ટ ખાતર બનાવવાની કામગીરી ઉપાડવામાં આવશે. ગ્રામ પંચાયતોને કચરા એકત્રીકરણની ટ્રાયસીકલ પણ આપવાના છીએ તેમ તેમણે ઉમેર્યુ હતું.

રાજયપાલશ્રી ઓ.પી. કોહલીની પ્રેરક ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીશ્રીએ ગાંધીનગરના બોરીજથી રાજ્યવ્યાપી સ્વચ્છતા પખવાડિયાનો પ્રારંભ કરાવ્યો હતો.તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૯માં ગાંધીજીની ૧૫૦મી જન્મજયંતિ સુધીમાં સમગ્ર દેશમાં ખૂલ્લામાં

● અનુસંધાન પાન-૭ પર



## મુખ્યમંત્રીના સ્વાગત માટે પણ ભાજપના આગેવાનો ન દેખાયા...

ગાંધીનગર, તા. ૧૫

સ્વચ્છતા મિશન અંતર્ગત આજે બોરીજમાં યોજાયેલ કાર્યક્રમમાં ભાજપના નેતાઓ બહુ ઉત્સાહિત જણાયા ન હતા એટલુ જ નહિ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી કાર્યક્રમના સ્થળે પહોંચ્યા ત્યારે અધિકારીઓએ જ માત્ર તેમને આવકાર્યા હતા. જ્યારે ભાજપના આગેવાનો મંડપમાં જ બેસી રહ્યા હતા. આ કાર્યક્રમને એટલો ઝડપથી આટોપવામાં આવ્યો હતો કે ડસ્ટબીનનું વિતરણ કરવાનું તેમજ સ્વચ્છતા અંગે ગ્રામજનોને પ્રતિજ્ઞા લેવડાવવાની વાત પણ વિસરાઈ જવા પામી હતી.

મુખ્યમંત્રી રૂપાણીએ જાતે સામે ચાલી પ્રતીકાત્મક સફાઈનું કામ કરીએ તેવુ જણાવતાં તંત્રમાં દોડદામ થઈ ગઈ હતી. બોરીજ ખાતેના આ કાર્યક્રમમાં સરકારના ઉચ્ચ અધિકારીઓ પણ પોતાને અળગા રાખતા જણાયા હતા. કાર્યક્રમમાં પણ આયોજકોમાં ઉત્સાહનો અભાવ જોવા મળતો હતો. ભાજપના ઘણા બધા કાઉન્સીલરો અને સંગઠ્ઠનના ઘણા બધા હોદ્દેદારોની પણ ગેરહાજરી જોવા મળતી હતી.

## પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સુની થઈ ગઈ મનની દિવાલો,
સુના થઈ ગયા ઘરના આંગણીયા.
પ્રેમથી આવકારો દેનારા હવે નહી મળે, જીવન એવું જીવી ગયા કે જોનારાય જોયા કરે. કર્મો એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે.
શું આપીએ અંજલી ?
શબ્દો ઓછા પડે છે.
શું આપીએ પુષ્પાંજલી ?
પુષ્પો ઓછા પડે છે.
અંજલી અર્પણ કરીએ તો આંસુ પડે છે.
તસ્વીર તમારી નિહાળી હૈયુ રડી પડે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**સ્વ. ભાવેશ ઈશ્વરભાઈ પટેલ**
સ્વ. તા. ૧૬/૯/૨૦૧૬

લી.

પટેલ ઈશ્વરભાઈ કચરદાસ (પિતા) (આઈ. કે. પટેલ)
પટેલ કપિલાબેન ઈશ્વરભાઈ (માતા)
પટેલ જલ્પાબેન ભાવેશભાઈ (પત્ની)
પટેલ યુગ ભાવેશભાઈ (પુત્ર)
પટેલ નંદુભાઈ કચરદાસ (કાકા)
પટેલ મુકેશભાઈ ઈશ્વરભાઈ (ભાઈ)
પટેલ દક્ષાબેન મુકેશભાઈ (ભાભી)
પટેલ હર્ષ મુકેશભાઈ (ભત્રીજો)
પટેલ ફોરમ મુકેશભાઈ (ભત્રીજી)
પટેલ સંજયભાઈ લાલભાઈ (ભાઈ)
પટેલ નિતીન તથા ગૌતમ (ભાઈ)

કોલવડા ગામ ક.પા. ૪૨ સમાજના પરિવારના સભ્યો તથા તમામ ગ્રામજનો

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan ashirvad BENELAVE DR.FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૮૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૮૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com